# સરયુ નદીના કાંઠે રામ મંદિર બનશે જ : ડૉ. સુબ્રમણ્યમ સ્વામી

## રાજ્યસભામાં સાંસદ ડૉ. સુબ્રમણ્યમ સ્વામી શામળાજીની મુલાકાતે

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે ખાખચોકમાં મૂર્તિ પ્રતિષ્ઠાના પૂર્ણાહૂતિ પ્રસંગે ભાજપાના રાજ્યસભાના સાંસદ અને પૂર્વ કાયદામંત્રી ડૉ. સુબ્રમણ્યમ સ્વામી હાજર રહ્યા હતા. શુક્રવારે શામળાજી ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત સંતો-મહંતો તેમજ નજમેદનીને સંબોધતા ભાવપૂર્વક જણાવ્યું હતું કે અયોધ્યામાં રામલલ્લાના જે તે સ્થળે જ રામ મંદિર બનશે તેમજ દેશમાં ૪ લાખ મંદિરોનો વહીવટ સરકાર હસ્તક છે. જ્યારે એક પણ મસ્જીદ કે ચર્ચનો વહિવટ સરકાર હસ્તક ન હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું.

ભિલોડા તાલુકાના જાણીતા પર્યટક સ્થળ અને કાળીયા દેવના મંદિરના લીધે સમગ્ર દેશ-વિદેશમાં જાણીતા શામળાજી ખાતેના ખાખ ચોકમાં છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી મૂર્તિ પ્રતિષ્ઠાના પૂર્ણાહૂતિ સમયે ઉપસ્થિત રહેલા ડૉ. સુબ્રમણ્યમ સ્વામીએ હિન્દુ ધર્મ સ્થાનો અને હિન્દુ ધર્મ વિશે ખુલ્લેઆમ સમર્થન આપી હિન્દુત્વની વાતથી પ્રાણપ્રતિષ્ઠામાં ઉપસ્થિત સાધુ સંતો તેમજ પ્રજાજનોને રોમાંચિત કરી દીધા હતા. ડૉ. સ્વામીએ રામજન્મભૂમિ વિવાદ અને સંબંધિત મંદિર બાંધકામ મુદ્દે જણાવ્યું હતું કે સરયુ મંદિરના જે છેડે રામલ્લાને બિરાજીત કરાયા છે ત્યાં કોઈ પણ સંજોગોમાં રામ મંદિર બંધાશે જ અને મુસ્લિમોને મસ્જીદનું નિર્માણ કરવુ હોય તો સરયુ નદિના સામા છેડે મસ્જીદ બાંધી શકે છે તેમજ હિન્દુ સમાજના લોકો મસ્જીદ બાંધવા સહયોગ પુરો પાડશે. હિન્દુ સેક્યુલરનો મુદ્દો છેડતા સ્વામીએ જણાવ્યું હતું કે ભારતભરમાં ૪ લાખ મંદિરો સરકાર હસ્તક છે જ્યારે એક પણ મસ્જીદ કે ચર્ચ સરકાર હસ્તક ન હોવાનું જણાવી હિન્દુઓના સેક્યુલરાજામની વાતને સમર્થન આપ્યુ હતુ. તેમજ આગામી ગુજરાત રાજ્યની વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીને અનુસંધાનમાં રાખી આગામી સમયમાં યોજાનાર ચૂંટણીઓમાં હિન્દુઓ માટે કામ કરવા ઉત્સુક હોય અને હિંદુહિતની વાત હૈયામાં રાખનાર લોકોને મત આપવાનો આગ્રહ કરવા ઉપસ્થિત જનમેદનીએ તાળીઓથી વધાવી લીધા હતા.



શુક્રવારે શામળાજી ખાતે ઉપસ્થિત સુબ્રમણ્યમ સ્વામીએ અયોધ્યાના રામ મંદિર બાબતે મહત્વનું નિવેદન આપી ભાજપા સરકાર દ્વારા મત મેળવવા રામનો ઉપયોગ કરી હોશિયામાં ધકેલાઈ ગયેલા રામ મંદિરના મુદ્દાને ફરીથી જાગૃત કરવા પ્રયાસ કર્યો હોવાનું તેમની વાતોથી બહાર આવ્યુ હતુ. બીજી તરફ શાંતિપૂર્ણ માહોલમાં અયોધ્યા મંદિરના મુદ્દા દ્વારા જિલ્લાના પ્રજાજનોમાં આકર્ષણ જમાવવામાં સફળ રહ્યા હતા.

# દૂધના પુરવઠાને પહોંચી વળવા બનાસકાંઠામાં નવી ડેરી સ્થપાશે : શંકરભાઈ ચૌધરી

## બનાસકાંઠા જિલ્લાના સહકારી ઈતિહાસમાં નવો અધ્યાય આલેખાયો : જિલ્લાની બે મોટી સંસ્થાઓ બનાસબેંક અને બનાસડેરીની સાધારણ સભા એક છત્રની નીચે યોજાઈ

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા જિલ્લાના સહકારી જગતમાં આજે એક નવો અધ્યાય આલેખાયો હતો. જિલ્લાના ખેડૂતો અને પશુપાલકોની જીવાદોરી સમાન બે સંસ્થાઓ બનાસબેંક અને બનાસડેરીની વાર્ષિક સાધારણ સભા આજે એક છત્ર નીચે યોજાતા સહકારી વર્તુળોમાં આનંદ અને ગૌરવની લાગણી વર્તાઈ હતી.

આજે બનાસડેરીના બાદરપુરા ઓઈલ સંકુલ ખાતે બનાસબેંકની ૫૭મી અને બનાસડેરીની ૪૮મી વાર્ષિક સાધારણ સભા બનાસબેંક અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં જિલ્લાભરમાંથી ખેડૂતો અને દૂધ ઉત્પાદકો ઉપસ્થિત રહીને બન્ને સંસ્થાઓની વાર્ષિક કામગીરીને હર્ષોલ્લાસથી વધાવીને મંજુર કરી હતી.

ખેડૂતો અને પશુપાલકોની વિશાળ સભાને સંબોધતા બન્ને સંસ્થાઓના ચેરમેન અને રાજ્ય સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરીએ બન્ને સંસ્થાઓમાં થયેલ ઝડપી વિકાસનો શ્રેય સહુ સભાસદો અને



નિયામક મંડળને આપતા જણાવ્યું હતું કે સહુના સહયોગથી જ ખેડૂતો અને જિલ્લાના નાગરીકોને શ્રેષ્ઠ અને અદ્યતન સેવાઓ પુરી પાડી શકાઈ છે.

બનાસડેરીની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે હાલ ડેરી ઉદ્યોગમાં ભયંકર વૈશ્વિક મંદી ચાલી રહી છે. તેમણે કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો કે કેન્દ્ર સરકારે દૂધ અને દૂધની બનાવટો ઉપર ઈમ્પોર્ટ ટેક્ષ નાખતા બહારથી માલ આપણે ત્યાં આવતો નથી. નહીંતર સ્થિતિ ખરાબ થઈ શકી હોત. વધુમાં તેમણે જણાવ્યું હતું કે બનાસડેરીમાં હાલ દૈનિક ૫૦ લાખ લીટર દૂધની આવક છે જે પ્રમાણે અહી દૂધનો વ્યવસાય વિકસી રહ્યો છે તે જોતા ભવિષ્યમાં ડેરીની ક્ષમતા વધી શકે તેમ નથી. તેથી ડેરીનો બીજો પ્લાન્ટ જિલ્લામાં બનાવવો પડશે. આ માટે જરૂરી કાર્યવાહી માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો સહયોગ લેવામાં આવશે. તેમણે ડેરી દ્વારા કાંકરેજી ગાયનું દૂધ ઉત્પાદન મોટા પાયે કરી ઓર્ગેનિક દૂધના વ્યવસાયમાં પ્રવેશ કરવાની હિમાયત કરી હતી. આ માટે બનાસડેરી દ્વારા કાંકરેજી ગાય માટે વિઝીટીંગ ચાર્જ ફ્રી અને કૃત્રિમ વિર્યદાન પણ ફ્રી કરવાની જાહેરાત કરી હતી.

ડેરીના આદ્યસ્થાપક સ્વ. ગલબાભાઈ નાનજીભાઈના રૂણનો સ્વિકાર કરતાં તેમણે તેમની યાદમાં એક ટ્રસ્ટ બનાવવાની જાહેરાત કરીને ટ્રસ્ટ દ્વારા જિલ્લામાં મેડીકલ કોલેજની સ્થાપના જેમાં અદ્યતન સારવાર અને દૂધ ભરાવતા સભાસદોને રાહત દરે સારવાર વિગેરેનો સમાવેશ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ દલસંકભાઈ પટેલ, દિયોદરના ધારાસભ્ય કેશાજી ચૌહાણ, થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલ, ધાનેરાના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ સહિત અનેક રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.





### આગામી વિધાનસભાની ચૂંટણીઓ માટે ભાજપની કવાયતનો પ્રારંભ

આગામી વર્ષ ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવનાર છે ત્યારે રાજકીય પક્ષો પોતાના સ્થાનિક સ્તરથી પ્રદેશ સુધીના સંગઠનોને તૈયાર કરવામાં લાગી ગયું છે. ત્યારે ભાજપાના સ્થાનિક મંડળથી શરૂ થયેલા અભ્યાસ વર્ગો રાજ્યકક્ષા સુધી પહોંચવાના છે. ત્યારે ભાજપાનો જિલ્લા કક્ષાનો અભ્યાસ વર્ગ અંબાજી ખાતે યોજાનાર હોઈ તેના આયોજન માટે સ્થાનિક અને તાલુકા મંડળના કાર્યકર્તાઓની એક બેઠક અંબાજી ખાતે યોજવામાં આવી હતી.

## પીટીસીનું નામ ડીએલએડ થવાથી વિદ્યાર્થીઓને ફાયદો

મોડાસા, તા. ૯

શિક્ષણ વિભાગ દ્વારા ગત વર્ષે પીટીસીનું નામ બદલીને હવે ડીએલએડ કરવામાં આવ્યું છે. હવે તમામ પીટીસી કોલેજો ડીએલએડના નામે ઓળખાય છે જેનો ડીએલએડ કરનારા વિદ્યાર્થીને ફાયદો થશે.

પ્રથમ તો આ ડિપ્લોમાં કોર્સ ગણાશે જ્યારે પીટીસી સર્ટીફીકેટ કોર્સ હતો. આ કારણે હવે ડીએલએડ પાસ થયેલ વિદ્યાર્થી ધોરણ-૧ થી ૫માં શિક્ષક તરીકે સરકારી નોકરી મેળવી શકે છે તથા ડીએલએફની સાથે ગ્રેજ્યુએશન હોય તો ધોરણ ૧ થી ૮માં શિક્ષક તરીકે સરકારી નોકરી મેળવી શકે છે. આ ઉપરાંત ડીએલએફ પાસ કર્યા પછી સીધા જ એમ.એડ. કોલેજમાં પ્રવેશ મેળવી શકાય છે. ડીએલએફનો અભ્યાસક્રમ બીએડ સમકક્ષ ગણાય છે.

અરવલ્લી જિલ્લાની લાટીવાળા ડીએલએડ કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરે આ માહિતી આપતા જણાવ્યું હતું કે આગામી વર્ષમાં પ્રાથમિક શિક્ષકો મોટી સંખ્યામાં નિવૃત્ત થતા હોઈ ડીએલએડ અભ્યાસક્રમની માંગ રહેશે એ નિર્વિવાદ હકીકત બની રહેશે.

# ખેડબ્રહ્મા બજાર સમિતિની ચૂંટણીનું પરિણામ જાહેર

## ચેરમેનની સત્તાવાર પેનલને મતદારોએ પસંદ કરી

ખેડબ્રહ્મા,તા. ૯

ખેડબ્રહ્મા બજાર સમિતિના ખેડૂત વિભાગની આઠ બેઠકો માટે ગત શુક્રવારે ચૂંટણી યોજાઈ હતી. પેનલના વિજેતા છેલ્લા ઉમેદવાર જનકસિંહ વાઘેલા કરતાં ૩૨ મત ઓછા છે.

આ પેનલને જીતાડવા માટે હરીભાઈ રામજીભાઈ પટેલ તથા નરેશભાઈ પી. પટેલ સહીતના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર ચૂંટણી કાર્યક્રમની કાર્યવાહી



જેમાં સમિતિના ચાલુ ચેરમેનની સત્તાવાર પેનલનો વિજય થયો હતો. ચૂંટણીનું અપેક્ષિત પરિણામ આવતા વિજેતા ઉમેદવારો તથા તેમના ટેકેદારોએ વિજયોત્સવ મનાવ્યો હતો.

ખેડબ્રહ્મા બજાર સમિતિના ખેડૂત વિભાગની આઠ બેઠકો માટે શુક્રવારે યોજાયેલ ચૂંટણીમાં ૨૭૩ મતદારો પૈકી ૨૬૭ મતદારોએ મતદાન કર્યુ હતું. આ મતદાનની મતગણતરી શનિવારે સવારે હાથ ધરવામાં આવી હતી. ૨૬૭ મત પૈકી એક મત રદ થયો હતો. ચેરમેનની સત્તાવાર પેનલની સામે ઉભેલા હરીફ ઉમેદવાર રાજેન્દ્રસિંહ જુજારસિંહ ચૌહાણને ૧૪૮ મત મળ્યા હતા. જે બજાર સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ, સાબરકાંઠા બેંકના ડીરેક્ટર શામળભાઈ પટેલ, સહકારી જીનના ચેરમેન પરસોત્તમભાઈ પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર અને ચૂંટણી અધિકારી એસ.બી. ચૌહાણ, જે.કે. પટેલ તથા શ્રીમતિ સી.કે. પીઠડીયા સહીત અન્ય કર્મચારીઓએ સંભાળી હતી.

### વિજેતા ઉમેદવારોની યાદી

| ઉમેદવારનું નામ | મળેલ મત |
| --- | --- |
| પટેલ હીરાભાઈ લવજીભાઈ આંટાકંપો | ૨૩૫ |
| પટેલ દિનેશભાઈ વસ્તાભાઈ મટોડા | ૨૩૨ |
| પટેલ અરવીંદભાઈ શામજીભાઈ દેલવાડાકંપો | ૨૩૨ |
| પટેલ મોહનભાઈ પુંજાભાઈ દામાવાસકંપો | ૨૩૦ |
| પટેલ હર્ષદકુમાર મનુભાઈ ખેડબ્રહ્મા | ૨૨૮ |
| પટેલ અમૃતભાઈ શામળભાઈ નવી મેત્રાલ | ૨૨૫ |
| પટેલ વિનોદભાઈ ફલજીભાઈ ગલોડીયા | ૨૨૩ |
| વાઘેલા જનકસિંહ શેતાનસિંહ આગીયા | ૧૮૦ |

## પ્રાંતિજ ખાતે હાર્દિક પટેલના જામીન મંજૂર થતા ફટાકડા ફોડી મોં મીઠું કરી આનંદ વ્યક્ત કર્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન ખાતે પાટીદારો દ્વારા હાર્દિક પટેલને જામીન મળતા ફટાકડા ફોડી એક બીજાએ મોં મીઠું કર્યુ હતુ. પ્રાંતિજ તથા તાલુકામાં રહેતા પાટીદાર સમાજના પાટીદારો દ્વારા ભાંખરીયા બસ સ્ટેશન ખાતે એકઠા થઈને હાર્દિક પટેલને જામીન મળવાની ખુશીને લઈને ફટાકડા ફોડી મીઠાઈ વેંચી ખુશી વ્યક્ત કરી હતી. અનીલભાઈ પટેલ, સંજયભાઈ સી. પટેલ, સંજય પટેલે ફટાકડા ફોડી મીઠાઈ વહેંચીને ખુશી વ્યક્ત કરી હતી.

# તાજપુરકૂઈ પાસે દારૂ ભરેલી કારે અન્ય કારને ટક્કર મારતા રોડ પર દારૂની રેલમછેલ

પ્રાંતિજ, તા. ૯

નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના તાજપુર કૂઈ ઉપર રાત્રીના સમયે રાજસ્થાનથી અમદાવાદ તરફ જતી કારે બોભા તરફથી અમદાવાદ તરફ જતી કારને ટક્કર મારતા ટક્કર બાદ દારૂ ભરેલી ગાડી ત્રણ પલટી ખાતા રોડ ઉપર દારૂની રેલમછેલ થઈ હતી અને આજુબાજુના લોકો દારૂ લેવા દોડી આવ્યા હતા.

પ્રાંતિજના તાજપુર કૂઈ ચોકડી પાસે મોડી રાત્રીના રાજસ્થાનથી અમદાવાદ તરફ જઈ રહેલ મારૂતિ એસએક્ષ-૪ કાર નં. જીજે૧૬.એજે. ૬૫૬૫માં વગર પાસ પરમીટ વગર હંકારીને લાવીને બોભાથી અમદાવાદ તરફ જતી સ્વીફ્ટ કાર નં. જીજે૧૮.બીએ.૨૯૮૧ને ટક્કર મારી દારૂ ભરેલી કાર ફંગોળી જતા બે ત્રણ પલટી ખાઈ જતા કારમાં લઈ જવાતો દારૂ રેલમછેલ થઈ ગયો હતો અને પોલીસ આવે તે પહેલા લોકો અડધો માલ લઈ ગયા હતા. જ્યારે પોલીસને જાણ થતા ઘટના સ્થળે દોડી જઈને મેજિક મોમેન્ટ કંપનીની શીલબંધ ૭૫૦ મીલીની કાચની છુટક બોલટ નંગ-૧૨૭ મેજિક મોમેન્ટ કંપનીની શીલબંધ ૧૮૦ મીલી કાચની બોટલ નંગ-૮૦ તથા રોયલસ્ટેંગ ક્લાસીક વ્હીસ્કીની છુટક કાચની હાયવર્ડ ૫૦૦૦ પ્રિમિયમ સ્ટ્રોંગ ૫૦૦ કુલ-૬૩,૬૦૦ તથા બીયર ટીન નંગ-૮૪ કિંમત રૂ. ૮,૪૦૦ તથા મારૂતિ એસ.એક્ષ.કારની કિંમત ૪ લાખ મળી કુલ ૪,૭૨૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે અકસ્માત બાદ કારચાલક ભાગી ગયો હતો.

# મોડાસાના બોરડી ગ્રામ પંચાયતનો તલાટી ૭૦૦૦ની લાંચ લેતા રંગેહાથે ઝડપાયો

## એસીબીએ મોડાસા માર્કેટયાર્ડમાં ટ્રેપ કરતા તલાટીના હોંશકોંશ ઉડી ગયા : અરવલ્લી જિલ્લો સરકારી અધિકારીઓ અને કર્મચારીઓના ભ્રષ્ટાચારના ભરડામાં

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બોરડી ગ્રામ પંચાયતના તલાટીએ ગામના એક વ્યક્તિને બોલાવી જણાવ્યુ હતુ કે તેની પત્નિ અને પુત્રીએ ગામમાંથી ગેરકાયદેસર વગર મંજૂરીએ નીલગીરીના લાકડા કાપેલ છે. જેથી તેનો દંડ ૨૮૦૦૦ રૂપિયા સરકારમાં ભરવાના થાય છે, પરંતુ કેસની પતાવટ કરવી હોય તો ૧૧૦૦૦ રૂપિયામાં બધુ પતી જશે. ગભરાયેલ વ્યક્તિએ ૪૦૦૦ રૂપિયા આપી દીધા બાદ લાંચીયા તલાટીને સબક શીખવાડવા અરવલ્લી જિલ્લા એસીબીનો સંપર્ક કરતા શનિવારે છટકુ ગોઠવી મોડાસા માર્કેટયાર્ડમાંથી ફરીયાદી પાસેથી ૭૦૦૦ રૂપિયા સ્વીકારતો રંગેહાથે ઝડપી લીધો હતો. એસીબીની ટ્રેપ થયાનું જાણ થતા જ તલાટીના હોશકોશ ઉડી ગયા હતા.

મોડાસા તાલુકાના બોરડી ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા રવીન્દ્ર પ્રતાપસિંહ હરીચંદ્રસિંહ રાઠોડ (રહેય ઉમેદગઢ, ઈડર, જી. સાબરકાંઠા) નામના તલાટીએ ગામના એક વ્યક્તિને બોલાવી જણાવ્યુ હતુ કે તારી પત્ની અને પુત્રીએ ગેરકાયદેસર મંજુરી વગર નીલગીરીના લાકડા કાપેલ છે અને આ અંગે ગુન્હો બનતા બન્ને સામે કેસ કરી મામલતદાર કચેરીમાં મોકલી આપ્યા છે અને તેનો દંડ રૂ. ૨૮૦૦૦ સરકારી તીજોરમાં



ભરવાના થાય છે. પરંતુ જો તારે આ દંડ ના ભરવો હોય અને બારોબાર કેસનો નિકાલ કરવો હોય તો ૧૧૦૦૦ રૂપિયા આપવા પડશે. ૨૮૦૦૦ રૂપિયા દંડની રકમ સાંભળી ફરિયાદી વિચારમાં પડી ગયો હતો અને ૪૦૦૦ રૂપિયા રોકડા આપી દીધા હતા. બાકીના ૭૦૦૦ રૂપિયા માટે તલાટી દ્વારા વારંવાર ફોન કરી ઉઘરાણી કરવામાં આવતા વારંવાર ઉઘરાણીથી કંટાળેલ વ્યક્તિએ લાંચીયા તલાટીને પકડાવવા અરવલ્લી જિલ્લા એસીબીનો સંપર્ક કરતા શનિવારે મોડાસા માર્કેટયાર્ડમાં તલાટીને રંગેહાથે ઝડપી પાડવા છટકુ ગોઠવ્યું હતું. ફરિયાદના જણાવ્યા મુજબ તલાટી શનિવારે માર્કેટયાર્ડમાં બાકીના ૭૦૦૦ રૂપિયા સ્વીકારવા આવતા ફરીયાદીએ ૭૦૦૦ રૂપિયા આપતા તલાટીએ ૭૦૦૦ રૂપિયા સ્વીકારતાની સાથે આજુબાજુ ગોઠવાયેલા એસીબીની ટીમ દ્વારા રંગેહાથે ઝડપી લેવામાં આવ્યો હતો. તલાટીને એસીબીની ટ્રીપ થયાની જાણ થતા જ બેબાકળો બની ગયો હતો.

## પ્રાંતિજમાં કોંગ્રેસ દ્વારા ધરણા કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા મોંઘવારીને લઈને ધરણા યોજી સરકાર સામે સૂત્રોચ્ચાર કરી રોષ વ્યક્ત કર્યો હતો.

પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન ખાતે તાલુકા કોંગ્રેસ દ્વારા પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાની હેઠળ કોંગ્રેસ કાર્યકરો મહિલા પ્રદેશ પ્રમુખ રેખાબેન, તાલુકા પ્રમુખ દક્ષાબેન, જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન મણીભાઈ પટેલ, જિલ્લા સદસ્ય રામસિંહ, મિલ્કતસિંહ, મહાવીરસિંહ રાઠોડ, અનીલભાઈ પટેલ વગેરે કોંગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ચાલુ સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચારો કરી હૈયાહોળી કરી હતી અને વ્યાપમથી ચંપાવત સુધી હવે ભાજપ ક્યાં સુધી, વ્યાપમથી ચંપાવત ભ્રષ્ટાચારમાં ભાજપ મસ્ત જેવા સૂત્રોચ્ચારો કર્યા હતા અને જેમાં પ્રાંતિજ તથા તાલુકામાંથી કોંગ્રેસ કાર્યકરો જોડાયા હતા.

# હિમતનગરના પરબડાના બંધ મકાનમાંથી ૭૬ હજારની મત્તા ચોરી

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર નજીકના પરબડા ગામમાં ત્રણ દિવસથી બંધ રહેતા એક મકાનને તસ્કરોએ નિશાન બનાવી ઘરના તાળા તોડી મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રૂ. ૩૫ હજારની રોકડ મત્તા સાથે રૂ. ૭૬ હજારની માલમત્તા ચોરી જતા રહીશે ઘરફોડ ચોરીના મામલે શનિવારે હિંમતનગરના બી-ડીવીઝનમાં ફરિયાદ નોંધાવી હતી. રહીશ રમઝાન તહેવાર પ્રસંગે બુધવારથી શુક્રવાર દરમિયાન ઈડર ગયા બાદ મકાનમાં ચોરીની ઘટના બની હતી. ઘરફોડ ચોરીના મામલે પ્રાપ્ત વિગત અનુસાર પરબડા ગામે રહેતા રમજાની હુસેન ફકીરમહંમદ ફકીર રમઝાન તહેવાર પ્રસંગે ગત બુધવારે પોતાના પરિવાર સાથે ઈડર ખાતે સાસરીમાં ગયા હતા.તેઓ મકાન બંધ કરી ગયા બાદ તસ્કરોએ બુધવારથી શુક્રવાર દરમિયાન મકાનના તાળા તોડી અંદરથી સોના-ચાંદીના દાગીના ઉપરાંત રૂ. ૩૫ હજારની રોકડ સહિત રૂ. ૭૬ હજારની માલમત્તા ચોરી ભાગી છુટ્યા હતા.